Criminal Inquiry No. 149-2025.

**મે. શ્રી જી. એસ. પવાર સાહેબ, જ્યુ.મેજી.ફ.ક. તથા ન્યાયાધીશ (જે.ડી.) સમક્ષ,**

**મજુર અદાલત પાલનપુરના મુ.પાલનપુર.(બ.કાં.).**

**ક્રિમીનલ ઈન્કવાયરી નં. ૧૪૯/૨૦૨૫.**

**ફરીયાદી :** નામદાર સરકારશ્રી તરફે,
કુ. ડી.આર. પરમાર, ઈ.ચા. સરકારી શ્રમ અધિકારી અને
લઘુતમ વેતન અધિનિયમ–૧૯૪૮ હેઠળના નિરીક્ષક, પાલનપુર,
તા. પાલનપુર, જી.બનાસકાંઠા.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા :** સુરેશ સોનકર,
રહે. ગઠામણ ગેટ, જોષી હોસ્પિટલની આગળ, પેટ્રોલ પંપ ની પાસે,
પાલનપુર, તા. પાલનપુર, જી. બનાસકાંઠા.
સંસ્થા : સુરેશ સોનકર જયુસ સેન્ટર,
કામનું સ્થળ : શ્યામ સુપર માર્કેટની સામે, અમીરગઢ બજાર,
મુ. તા. અમીરગઢ, જી. બનાસકાંઠા.

**ગુન્હો :** બાળ અને કિશોર મજુર અધિનિયમ ના ભંગ બાબતેની ફરીયાદ...

**–: આંક–૧ લગત હુકમ :–**

૧. આ ફરીયાદ અત્રેની અદાલતમાં ચાલે છે જેની ટુંકી હકીકત એવી છે કે, આ કામનાં ફરીયાદીએ સામાવાળા સંસ્થાની મુલાકાત લેતાં બાળ અને કિશોર મજુર અધિનિયમ ના નિયમો ની જોગવાઈનો ભંગ થયા બદલની ફરીયાદ દાખલ કરેલ હતી. ત્યારબાદ સામાવાળા વિરૂધ્ધ આ અદાલત ધ્વારા વારંવાર પ્રોસેસ કરવા છતાં બજવણી થઈ શકેલ નથી. ફરીયાદ પક્ષ સામાવાળાનું સાચું, યોગ્ય સરનામું રજુ કરવામાં તથા સામાવાળાને હાજર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

૨. આમ, સદર કામે સામાવાળાને પ્રોસેસ બજાવવા પુરતા પ્રયત્નો કરવા છતાં સામાવાળાને પ્રોસેસની બજવણી થઈ શકેલ નહીં. પ્રસ્તુત ઈન્કવાયરીમાં

અવાર–નવાર પ્રયત્નો કરવા છતાં સામાવાળાને પ્રોસેસ બજી શકેલ નથી. પ્રસ્તૃત ઈન્કવાયરીમાં ફરીયાદ પક્ષ સામાવાળાને શોધી શકવામાં કે બજવણી કરવામાં અસફળ રહેલ છે.

૩. ઉપરોકત હકીકત ધ્યાને લેતા તેમજ હાલનું ઈન્કવાયરી રેકર્ડ વંચાણે લેતા પ્રસ્તૃત ઈન્કવાયરીમાં સામાવાળા નજીકના ભવિષ્યમાં મળી આવે કે તેની સામે કાર્યવાહી શરૂ થઈ શકે તેવી કોઈ શકયતા જણાતી નથી. આવા ડેડવુડ ઈન્કવાયરી કે જેમાં ફરીયાદપક્ષ પોતે સામાવાળાને શોધી શકે તેમ નથી, અદાલત સમક્ષ તેનું કોઈ સરનામું રજુ કરી શકે તેમ નથી કે નજીકના ભવિષ્યમાં કાર્યવાહી શરૂ થઈ શકે તેમ નથી.

૪. નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા **ગુજરાત સરકાર વી. કે. કે. હરખાણી *ક્રીમીનલ રીવીઝન એપ્લીકેશન નંબર–૬૫૬/૧૯૯૯*** માં ઠરાવેલ છે કે, *"2. The learned JMFC, Bhavnagar the case is more than six years old, the prosecution has been unable to serve the process issued in the said case against the accused nos. 10 and 11. The Court has attempted to effect the made attempts to serve them. However, so far they have remained unsuccessful in offecting service. Under the circumstances the learned JMFC directed that the trial should proceed against the accused nos. 1 to 9 and 12, and that as and when addresses of accused nos.10 and 11 are obtained, liberty is reserved to the complainant to the file fresh complainant against them. ultimately the trial is directed to proceed as against accused nos.1 to 9 and 12.*

*3. On the facts and circumstances of the case find that the impugned order is completely justified, and unexceptionable. Learned counsel for the State is unable to point out as to how the impugned order would work to the prejudice of the prosecution or the complainant in any manner whatsoever. This revision is therefore, sum marily dismissed."*

૫. હાલની તમામ હકીકતો તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો ધ્યાને લેતા, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. ક. ૨૫૮, સી.આર.પી.સી હેઠળ સદર ઈન્કવાયરી નો નિકાલ કરવામાં આવે છે. વધુમાં, સામાવાળા મળી આવ્યેથી, ફરીયાદપક્ષ ફરીથી ફરીયાદ દાખલ કરવા મુકત રહેશે.

હુકમ આજરોજ તા. ૧૪મી, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કરવામાં આવે છે.

**તા. ૧૪/૦૩/૨૦૨૬.**
**સ્થળ : પાલનપુર.**

**(ગર્વિત સુધીરસિંહ પવાર )**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ન્યાયાધીશ (જે.ડી.), લેબર કોર્ટ, પાલનપુર.**
**(કોડ નં. જી.જે.૦૧૬૩૭)**